*This Question Paper contains 16 printed pages.*
*(Part - A & Part - B)*

| |
|---|
| પ્રશ્ન પેપરનો સેટ નંબર જેની સામેનું વર્તુળ OMR શીટમાં ઘટ્ટ કરવાનું રહે છે. |
| Set No. of Question Paper circle against which is to be darken in OMR sheet. |
| **13** |

# 01(G)

(MARCH, 2017)

***Part - A : Time : 1 Hour / Marks : 50***

**Part - B : Time : 2 Hours / Marks : 50**

## (Part - A)

*Time : 1 Hour]* *[Maximum Marks : 50*

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રના ભાગ-A માં બહુવિકલ્પીય પ્રકારના 50 પ્રશ્નો છે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
2) પ્રશ્નોની ક્રમ સંખ્યા 1 થી 50 છે અને દરેક પ્રશ્નનો ગુણ 1 છે.
3) કાળજીપૂર્વક દરેક પ્રશ્નનો અભ્યાસ કરી સાચો વિકલ્પ પસંદ કરીને OMR શીટમાં જવાબ લખવો.
4) પ્રશ્નના જવાબ માટે OMR શીટ આપવામાં આવેલ છે. તેમાં જે તે પ્રશ્ન નંબર સામે (A) O, (B) O, (C) O, (D) O આપેલા છે. તે પ્રશ્નનો જે જવાબ સાચો હોય તેના વિકલ્પ પરના વર્તુળને બોલપેનથી પૂર્ણ ઘટ્ટ ● કરવાનું રહેશે.
5) પ્રશ્નપત્રકની ઉપરની જમણી બાજુમાં આપેલા પ્રશ્નપત્રક સેટ નં. ને OMR પત્રકમાં આપેલી જગ્યામાં લખવાનું રહેશે.

■ 1 થી 50 પ્રશ્નોના નીચે આપેલા 4 જવાબો પૈકી સાચો વિકલ્પ પસંદ કરી, સાચાં વિકલ્પનો ક્રમ અક્ષર પર શીટમાં પેનથી ઘટ્ટ કરવું :

1) 'ઝધડો લોચન-મનનો' કાવ્ય કઈ કૃતિમાંથી લેવામાં આવ્યું છે ?

(A) રસિકવલ્લભ

(B) મીરાંનાં પદો

(C) દયારામ રસસુધા

(D) સોરઠી સંતવાણી



આપ PLAY STORE માં જઈ EDU SAFAR લખી સર્ચ કરી APPS ડાઉનલોડ કરો

2) ગંગાસતીની દૃષ્ટિએ સાચા ભક્તની સાબિતી કઈ છે ?

(A) તે ચંચળ અને શંકાશીલ હોય છે.

(B) મુશ્કેલી આવતાં તેનું મન ડગતું નથી.

(C) તે અંતરમાં અભિમાન રાખે છે.

(D) તે સુખમાં છકી જાય છે.

3) યજ્ઞયાગ, જપ તપ ને તીરથ – એ પ્રભુ પ્રાપ્તિનાં પાંચ ક્રિયાકર્મો છે, એ બધામાં કવિએ કોને સૌથી ચઢિયાતો ગણાવ્યો છે ?

(A) ભક્તિને

(B) સેવાને

(C) સત્સંગને

(D) વૈરાગ્યને

4) 'સંસ્કૃત તત્સમ' – મૂળ સંસ્કૃત ભાષાના શબ્દોનો વધારે પ્રમાણમાં ઉપયોગ તમારા પાઠ્યપુસ્તકની કઈ કૃતિમાં થયો છે ?

(A) તીર્થોત્તમ

(B) પ્રશ્ન

(C) અતિજ્ઞાન

(D) જૂનું પિયરઘર

5) સર્જક અને ઉપનામનાં સાચાં જોડકાં શોધો.

| | | | |
|---|---|---|---|
| (a) | જ્યોતીન્દ્ર દવે | (1) | સેહની |
| (b) | બ.ક. ઠાકોર | (2) | ઈર્શાદ |
| (c) | ચિનુ મોદી | (3) | વાસુકિ |
| (d) | ઉમાશંકર જોષી | (4) | ગુપ્ત |

(A) (a-2), (b-3), (c-4), (d-1)

(B) (a-1), (b-4), (c-3), (d-2)

(C) (a-4), (b-1), (c-2), (d-3)

(D) (a-3), (b-2), (c-1), (d-4)



આપ PLAY STORE માં જઈ EDU SAFAR લખી સર્ચ કરી APPS ડાઉનલોડ કરો

6) નીચેના સર્જકો પૈકી કયા સર્જક ગુજરાતી સૉનેટના પિતા તરીકે ઓળખાય છે ?

(A) ચિનુ મોદી (B) બ.ક. ઠાકોર

(C) લાભશંકર ઠાકર (D) ઉમાશંકર જોષી

7) 'પ્રશ્ન' કાવ્ય કવિના કયા કાવ્યસંગ્રહમાંથી લેવામાં આવ્યું છે ?

(A) નિશીથ (B) ગંગોત્રી

(C) સંસ્કૃતિ (D) વિશ્વશાન્તિ

8) ભારતીય જ્ઞાનપીઠ પારિતોષિક નીચે આપેલ સર્જકોમાંથી કોને મળ્યો હતો ?

(A) ઉમાશંકર જોષી (B) મકરંદ દવે

(C) જ્યોતીન્દ્ર દવે (D) નર્મદ

9) કવિ શ્રી બાલમુકુન્દ દવેને ઉત્તમ તીર્થનાં દર્શન ક્યાં થયા ?

(A) અડસઠ તીર્થોની પવિત્ર નદીઓમાં સ્નાન કરવામાં.

(B) બાળકીને સ્તનપાન કરાવતી માતાની વાત્સલ્યપૂર્ણ આંખોમાં.

(C) ગરીબોની લાચાર આંખો જોવામાં.

(D) મંદિરની મૂર્તિનાં દર્શન કરવામાં.

10) 'અદીઠો સંગાથ' કાવ્યનો સાહિત્ય પ્રકાર જણાવો.

(A) લોકગીત (B) ગઝલ

(C) ગીત (D) સૉનેટ



આપ PLAY STORE માં જઈ EDU SAFAR લખી સર્ચ કરી APPS ડાઉનલોડ કરો

11) મનુષ્યનાં સર્વ દુઃખોનું મૂળ કારણ એની ઈચ્છાઓ - આકાંક્ષાઓ જ છે, આપણે મૂળ વસ્તુને મૂકી પડછાયા પાછળ દોડીએ છીએ- આ વાસ્તવિક જીવનનું સત્ય કઈ કૃતિમાં રજૂ થયું છે ?

(A) તપાસીએ (B) અદીઠો સંગાથ
(C) મન નો ડગે (D) તીર્થોત્તમ

12) કાવ્યની નાયિકા દૂર વસતા પોતાના પતિને કુંજલડી દ્વારા સંદેશો મોકલે છે ત્યારે કુંજલડી નાયિકાની પાંખ પર સંદેશો લખવાનું કહે છે. કારણ કે-

(A) તેને સંદેશો યાદ રહે નહિ. (B) તેને જીભ નથી.
(C) તેને સંદેશો કહેતાં ન આવડે. (D) તે મુખથી બોલી શકે તેમ નથી.

13) 'ખૂંદી ખમે માતા પ્રથમી...' આ દુહામાંથી કયો બોધ મળે છે ?

(A) ભાવસંવેદનાનો (B) સહનશીલતાનો
(C) પરોપકારનો (D) સંપનો

14) નીચેનામાંથી દ્વન્દ્વ સમાસનું કયું ઉદાહરણ સાચું નથી તે જણાવો.

(A) આગગાડી (B) માતાપિતા
(C) સુખદુઃખ (D) રાધાકૃષ્ણ

15) શબ્દ સમૂહ માટે એક શબ્દ આપો.

'જેની બુદ્ધિ સ્થિર છે તેવો માણસ'

(A) વૈરાગી (B) પ્રજ્ઞાવાન
(C) અનાસક્ત (D) સ્થિતપ્રજ્ઞ

16) નીચેનામાંથી ઉત્પ્રેક્ષા અલંકાર કયો છે ?

(A) દીકરાઓ પાણીની પેઠે પૈસા ઉડાવે છે.
(B) વૃક્ષો ઋતુની રાહ જોતાં રહે છે.
(C) મહુડા માયા ઉતારતા યોગી જેવા લાગે છે.
(D) દમયંતીનું મુખ જાણે ચંદ્ર.



આપ PLAY STORE માં જઈ EDU SAFAR લખી સર્ચ કરી APPS ડાઉનલોડ કરો

17) નકશામાં જોયું તે ન કશામાં – આમાં કયો અલંકાર છે તે જણાવો.

(A) રૂપક (B) અનન્વય

(C) વ્યાજસ્તુતિ (D) શ્લેષ

18) નીચે આપેલ પંક્તિના છંદનું નામ જણાવો.

'બેસી ખાટે ફરી વળી બધે મેડીઓ ઓરડામાં.'

(A) અનુષ્ટુપ (B) મંદાક્રાન્તા

(C) શિખરિણી (D) પૃથ્વી

19) નીચે આપેલ પંક્તિઓમાંથી ચોપાઈ છંદની પંક્તિ શોધો.

(A) લાંબા જોડે ટૂંકો જાય, મરે નહીં તો માંદો થાય.

(B) ચળકાટ તારો એ જ પણ તું જ ખૂનની તલવાર છે.

(C) જે પોષતું તે મારતું, શું એ ક્રમ નથી કુદરતી !

(D) શેરી મિત્રો સો મળે, તાળી મિત્ર અનેક

20) 'ઉકરાટા ઉપડવા' – રૂઢિપ્રયોગનો અર્થ જણાવો.

(A) જૂની ઈચ્છાઓ થવી.

(B) નવી નવી ઈચ્છાઓ થવી.

(C) ઈચ્છા થવી.

(D) ઈચ્છા ન થવી



આપ PLAY STORE માં જઈ EDU SAFAR લખી સર્ચ કરી APPS ડાઉનલોડ કરો

21) 'જેનામાં આવડત ન હોય છતાં વટ પાડવા મોટી મોટી ડંફાસો મારે' – એવો અર્થ નીચે આપેલ કહેવતોમાંથી શોધો.

(A) ડૂબતો માણસ તરણું પકડે.

(B) ખાળે ડૂચા ને દરવાજા મોકળા.

(C) પેટનો બાળ્યો ગામ બાળે.

(D) ખાલી ચણો વાગે ઘણો.

22) 'અડાળી' શબ્દનું શિષ્ટરૂપ શોધીને લખો.

(A) થાળી

(B) ડાળી વિનાનું

(C) રકાબી

(D) આરોપ

23) નીચે આપેલ શબ્દોમાંથી 'લોચન' શબ્દનો સમાનાર્થી શબ્દ કયો છે ?

(A) કપાળ

(B) ચક્ષુ

(C) મસ્તક

(D) મન

24) જે વાક્યમાં એક નામપદ બીજા નામપદ સાથેનો સંબંધ પ્રગટ કરે ત્યારે તે પદ સંબંધ કઈ વિભક્તિમાં કહેવાય ?

(A) સંબંધ

(B) કરણ

(C) અધિકરણ

(D) કર્મ

25) 'બા છરીથી શાક સુધારે છે.' રેખાંકિત પ્રત્યય કઈ વિભક્તિ દર્શાવે છે ?

(A) અપાદાનના અર્થમાં પંચમી

(B) સંબંધના અર્થમાં ષષ્ઠી

(C) કરણના અર્થમાં તૃતીયા

(D) એકપણ નહીં

26) એમાં ભડી તો ક્યાં ગણવાની ? આ વાક્યમાં નિપાત કયો છે ?

(A) ની

(B) તો

(C) ક્યાં

(D) એમાં



આપ PLAY STORE માં જઈ EDU SAFAR લખી સર્ચ કરી APPS ડાઉનલોડ કરો

27) નીચેનાં વાક્યોમાં કૃદંત અને તેના પ્રકારનું કયું જોડકું ખોટું છે તે જણાવો.

(A) બહાર મેળો લાગેલો હતો. - ભૂત કૃદંત

(B) પગે ચાલીને જવાય ખરું ? - સંબંધક ભૂતકૃદંત

(C) તું ખાવાનું મોકલનાર કોણ ? - વિધ્યર્થ કૃદંત

(D) તે રાત્રે જમતાં નથી. - વર્તમાન કૃદંત

28) કર્તાને 'થી' પ્રત્યય અને ક્રિયાના સાદા અંગને 'આ' પ્રત્યય લાગીને કઈ રચના બને છે ?

(A) કર્તરિ (B) પ્રેરક

(C) પુનઃપ્રેરક (D) કર્મણિ

29) નીચે આપેલાં વાક્યોનો અભ્યાસ કરી યોગ્ય વિકલ્પ પસંદ કરો.
વાક્ય 1 :- ચકુ દફ્તર મૂકે છે.
વાક્ય 2 :- મારાથી ન બોલાયું.

(A) બંને વાક્યો કર્તરિ રચના છે.

(B) વાક્ય 2 કર્તરિ રચના છે, જ્યારે વાક્ય 1 કર્મણિ રચના છે.

(C) બંને વાક્યો કર્મણિ રચના છે.

(D) વાક્ય 1 કર્તરિ રચના છે, જ્યારે વાક્ય 2 કર્મણિ રચના છે.

■ **નીચે આપેલો ગદ્યાંશ વાંચી તેની નીચે પૂછેલા પ્રશ્નોના યોગ્ય વિકલ્પ દર્શાવો. (પ્ર. 30 અને 31)**

અભ્યાસનું મહત્ત્વ આપણા દેશમાં બહુ લાંબા કાળથી સમજાયેલું છે. પણ અભ્યાસ સાથે બીજી કેટલીક બાબતો પર ધ્યાન ગયું નથી. અભ્યાસ વગર સંસ્કાર દૃઢ થતા નથી એ જણાયું એટલે ગમે તે રીતે આપણે અભ્યાસ કરાવવા મથીએ છીએ. દરેક ક્રિયા ત્રણ રીતે કરી શકાય છે: ભયથી, લાલચથી કે પ્રેમથી અને લાલચથી સંસ્કાર પાડી શકાય છે.

30) શેના વિના સંસ્કાર દૃઢ થતા નથી ?

(A) સમય (B) કુટુંબ

(C) અભ્યાસ (D) મહેનત



આપ PLAY STORE માં જઈ EDU SAFAR લખી સર્ચ કરી APPS ડાઉનલોડ કરો

31) દરેક ક્રિયા કઈ ત્રણ રીતે થઈ શકે છે ?

(A) સંસ્કારિતા, પરિશ્રમ અને પરોપકારથી

(B) ભય, લાલચ અને પ્રેમથી.

(C) સ્વાર્થ, નિ:સ્વાર્થ અને નીડરતાથી

(D) મહેનત, નસીબ અને અભ્યાસથી.

■ **કાવ્યાંશ વાંચી તેની નીચે પૂછેલા પ્રશ્નોના યોગ્ય વિકલ્પ દર્શાવો. (પ્ર. 32 અને 33)**

માણસ મરી જાય છે પછી
થોડા દિવસ
કરુણ શબ્દોની ઊડાઊડ.
હૉસ્પિટલની લાંબીમાં ફરતાં સગાવહાલાં જેવી
ઠાલાં આશ્વાસનોની અવરજવર
થોડા દિવસ –
'ગીતા' ને 'ગરુડ પુરાણ'ની હવા.
પછી બેન્ક બેલેન્સની પૂછપરછ.

32) માણસના મરી ગયા પછી શાની ઊડાઊડ થાય છે ?

(A) સ્વાર્થની

(B) પંખીઓની

(C) કરુણાના શબ્દોની

(D) પવનની

33) કવિએ ઠાલા આશ્વાસનોને કોની સાથે સરખાવ્યાં છે ?

(A) લાંબીમાં ફરતાં સગાવહાલાંઓ સાથે.

(B) માણસોની સાથે

(C) કુટુંબીજનોની સાથે

(D) સ્વજનોની સાથે



આપ PLAY STORE માં જઈ EDU SAFAR લખી સર્ચ કરી APPS ડાઉનલોડ કરો

34) વાર્તાનાયકની દૃષ્ટિએ પતિપત્ની જુદાં રહેવાથી શો ફાયદો થાય છે ?

(A) કાગળો લખવાથી સ્ત્રીઓના અક્ષર સુધરે છે.

(B) પતિ-પત્ની વચ્ચે પ્રેમ વધે છે.

(C) ઘરમાં શાંતિ લાગે છે.

(D) ઘરમાં ઝઘડો થતો અટકે છે.

35) 'પેરેલિસિસ' અને 'આકાર' આ નવલકથાઓ કયા સર્જકની છે ?

(A) કનૈયાલાલ મુનશી
(B) કાકા કાલેલકર
(C) ચંદ્રકાન્ત બક્ષી
(D) રા.વિ. પાઠક

36) જાંબાળા...ખોપાળા...તગડી... ને ભડી... (એમાં ભડી તો હવે...) એવું લેખક શા માટે કહે છે ?

(A) ભડીના માર્ગે જવું લોકોને ગમતું ન હોતું.

(B) ભડીથી ભાગ્યે જ પૅસેન્જર મળતા હતા.

(C) ભડીથી ગિલાને કંઈ ખાસ લાભ ન હતો.

(D) ભડી ભાવનગરમાં વિલીન થઈ ગયું હતું.

37) 'સ્ત્રી કેળવણી' નિબંધનું સંકલન શેમાંથી કરવામાં આવ્યું છે ?

(A) મારી હકીકત
(B) નર્મગદ્ય
(C) નર્મકોશ
(D) નર્મકવિતા

38) લેખકનો વૃક્ષ પ્રત્યેનો આદરભાવ કયા શબ્દોમાં વ્યક્ત થયો છે ?

(A) વૃક્ષો કુદરતના આશીર્વાદ છે.

(B) વૃક્ષો પ્રકૃતિની ગોદમાં ઉછરે છે.

(C) વૃક્ષો જીવતા જાગતા દેવ છે, જીવનનો દેવ છે.

(D) વૃક્ષોનો ઈન્કાર જીવનચેતનાનો ઈન્કાર છે.



આપ PLAY STORE માં જઈ EDU SAFAR લખી સર્ચ કરી APPS ડાઉનલોડ કરો

39) 'સોનાનાં વૃક્ષો' પાઠના લેખક કોણ છે ?

(A) જ્યોતીન્દ્ર દવે

(B) લાભશંકર ઠાકર

(C) ચંદ્રકાન્ત બક્ષી

(D) મણિલાલ પટેલ

40) 'ટાઈમટેબલ' પાઠનો સાહિત્ય પ્રકાર કયો છે ?

(A) હાસ્યનિબંધ

(B) ચરિત્રનિબંધ

(C) લલિતનિબંધ

(D) નિબંધ

41) સ્વામીજીએ કહ્યું કે 'પ્રકૃતિ ખુદ એક કવિતા છે' કારણ કે...

(A) પ્રકૃતિને ખોળે બેસનારને અવર્ણનીય આનંદ મળે છે.

(B) કાવ્યો રચવાની પ્રેરણા પ્રકૃતિમાંથી મળે છે.

(C) કવિતામાં પ્રકૃતિનાં વૃક્ષો, ફૂલો, તારા, ચન્દ્ર, નદીઓ જેવાં સ્વરૂપોનું વર્ણન થાય છે.

(D) ઈશ્વરની રચનાઓ પ્રકૃતિ દ્વારા થાય છે.

42) 'એ.પી.જે. અબ્દુલ કલામનું ઘડતર' પાઠ લેખકની કઈ કૃતિમાંથી લેવામાં આવ્યો છે ?

(A) ધ ન્યુ મિલેનિયમ

(B) વીન્ગ્ઝ ઑફ ફાયર

(C) ફાયર ઑફ વીન્ગ્ઝ

(D) વીઝન ઈન્ડિયા

43) 'આક્કા' પાઠનું કયું વિધાન દીકરી માટે નકારાત્મક માન્યતાવાળું છે ?

(A) 'બહેન-દીકરીઓને હું દૂરથી પૂજું છું.'

(B) 'શહાણું માણસ લાભત નાહીં'

(C) 'દીકરા તેટલા વહાલા અને દીકરી તેટલી અળખામણી.'

(D) 'દીકરી છે વહાલનો દરિયો અને તુલસીનો ક્યારો.'



આપ PLAY STORE માં જઈ EDU SAFAR લખી સર્ચ કરી APPS ડાઉનલોડ કરો

44) 'દાદાજી ! દાદાજી ! હું લૂંટાઈ ગઈ. મારું સર્વસ્વ હણાઈ ગયું.' – આ ઉક્તિ કઈ બાબતનું સૂચક છે ?

(A) ઈન્દિરાના ઘરમાં થયેલી લૂંટનું
(B) ઈન્દિરાના ગાંડપણનું
(C) ઈન્દિરાની લાચારીનું
(D) ઈન્દિરાના વલોપાતનું

45) "ધીમે ધીમે તે ડગ ધરતો – કોઈ મત્ત ગજેંદ્રની માફક. તેમાં નહોતો ક્ષોભ કે નહોતી ખિન્નતા." – આ પાત્રાલેખન કોનું છે ?

(A) મૃણાલવતી
(B) ભિલ્લમ
(C) પૃથિવીવલ્લભ
(D) તૈલપ

46) 'ઓ ઈશ્વર ભજિયે તને
મોટું છે તુજ નામ...' આ પંક્તિ કઈ કૃતિની છે ?

(A) છકડો
(B) આકકા
(C) શૂલપાણેશ્વર
(D) વૃક્ષ

47) નીચેનાં જોડકાં ધ્યાનથી જોઈ સાચો વિકલ્પ પસંદ કરો.

| અ | | બ | |
|---|---|---|---|
| (1) | શૂલપાણેશ્વર | (a) | રેવાશંકર |
| (2) | વૃક્ષ | (b) | ચીમી |
| (3) | જક્ષણી | (c) | શ્યામલાલ |
| (4) | આકકા | (d) | છગન |

(A) (1-d), (2-a), (3-b), (4-c)
(B) (1-b), (2-c), (3-d), (4-a)
(C) (1-a), (2-b), (3-c), (4-d)
(D) (1-c), (2-d), (3-a), (4-b)



આપ PLAY STORE માં જઈ EDU SAFAR લખી સર્ચ કરી APPS ડાઉનલોડ કરો

48) નીચેનામાંથી કયું જોડકું સાચું નથી ?

(A) સોનાનાં વૃક્ષો - 'રંગ તરંગ' ભાગ-2

(B) વૃક્ષ - બાથટબમાં માછલી

(C) આક્કા - સ્મરણયાત્રા

(D) છકડો - જીવ

49) ભગવાનના ભક્ત મોક્ષ માગતા નથી પણ દરેક જન્મમાં પૃથ્વી પર મનુષ્યનો જન્મ માગે છે, કેમ કે…

(A) તેમને ભક્તોને ઉપદેશ આપવો છે.

(B) તેમને શ્રીકૃષ્ણની સાથે રાસલીલા કરવી છે.

(C) તેમને તપ કરવા વનમાં જવું છે.

(D) તેમને શ્રીકૃષ્ણની ભક્તિ કરવી છે.

50) કવિ શામળે પંડિતાઈ, વિદ્યા, નીતિ, સદાચાર, સદ્‌ગુણ, ઉદ્યમ વગેરેનો મહિમા નીચેના પૈકી કયા સાહિત્યપ્રકારમાં વ્યક્ત કર્યો છે ?

(A) છપ્પા

(B) પદ્યવાર્તા

(C) ચોપાઈ

(D) ઉખાણાં



આપ PLAY STORE માં જઈ EDU SAFAR લખી સર્ચ કરી APPS ડાઉનલોડ કરો

## એજયુસફર એપ્લીકેશન ડાઉનલોડ કરવા માટે નીચેની લીક પર જાઓ.

https://play.google.com/store/apps/details?id=com.edusafar&hl=en

## એજયુસફર યુટુબ ચેનલ Subscribe કરવા માટે નીચેની લીક પર જાઓ.

https://youtube.com/channel/UCfDAM9P2RF_ynz8B_j5enCw

આપ PLAY STORE માં જઈ EDU SAFAR લખી સર્ચ કરી APPS ડાઉનલોડ કરો